હે મા દુર્ગે ! તમે કેવી રીતે પ્રાપ્ત થશો?

નવ દિવસ શા માટે ? કથાના નવ દિવસ, નવરાત્રીના નવ દિવસ અને નવદુર્ગામાં પણ નવની સંખ્યા. આ નવની સંખ્યા સૂચક છે. યોગશાસ્ત્રની દૃષ્ટિએ કરોડરજ્જુમાં નવ કે સાત ચક્રો છે. તે દરેકમાં તેની અધિષ્ઠાત્રી દેવી–શક્તિ રહેલી છે. તે શક્તિ દ્વારા શરીરરૂપી દુર્ગનું સંચાલન અને સંરક્ષણ થાય છે. નવરાત્રીમાં તે નવેય ચક્રોની ઉપાસના કરવાની છે, તેને નવાં–પુનર્નવાં કરવાનાં છે, તેનું ઉદ્દીપન–ઉદ્ઘાટન–માર્જન–તર્પણ કરવાનું છે, કે જેથી વીતેલાં વર્ષોમાં જે ઘસારો લાગ્યો હતો તેનું સમારકામ થાય અને આવતી નવરાત્રી સુધી તે સક્ષમ રહે તેટલી પ્રાપ્તિ કરી શકાય. એક રાત્રીએ એક એમ નવ–રાત્રીઓમાં નવેય ચક્રોની શક્તિઓનું–દેવીઓનું, માર્જન–સ્થાપન–સંસ્થાપન કરવાનું છે.

નવરાત્રીનો એક અર્થ છે નૌ રાત્રીઓ અને બીજો અર્થ છે નવી રાત્રીઓ. નવરાત્રીની નૌ રાત્રીઓ શરીરને નવું કરવા માટેની – શરીરનો કાયાકલ્પ કરવા માટેની છે. શરીર સ્થિત નૌ ચક્રો સૂક્ષ્મ શરીરનું બંધારણ છે. નિર્મળ સૂક્ષ્મ શરીરયુક્ત સ્થૂળ શરીર, ભલે ગમે તેટલું મજબૂત હોય તોય તે પાયા વિનાની ઇમારત જેવું છે. ગુરુમુખી પ્રાણાયામ દ્વારા શક્તિને–પ્રાણશક્તિને–વિદ્યુતશક્તિને–કુંડલિની શક્તિને ઊર્ધ્વમુખી કરીને સર્વ ચક્રોની અધિષ્ઠાત્રી દેવીને–શક્તિને, એટલે કે ચક્રોનાં અતિ ઉપયોગી મર્માંગોને પરિપ્લાવિત અને પરિમાર્જિત કરીને ઓજધારક ક્ષમતાયુક્ત બનાવવાનાં હોય છે. ઊર્ધ્વગામી શક્તિ ક્રમપૂર્વક સર્વ મર્માંગોને પરિશુદ્ધ કરતી કરતી સહસ્રારમાં પહોંચીને કમાલ દર્શાવે છે.

"દુર્ગા" શબ્દ સ્ત્રીલિંગ છે, "દુર્ગેશ" તેનું પુલ્લિંગ છે. ખરેખર તો તે સ્ત્રી કે પુરુષ કાંઈ જ નથી, તે તો કેવળ એક શક્તિમાત્ર છે, એક ચૈતન્ય તત્ત્વમાત્ર–સત્તામાત્ર છે. સૌ પોતાની રુચિ અનુસાર નામથી તેને સંબોધિત કરે છે. જેનાથી શરીરદુર્ગનું રક્ષણ થાય તેને દુર્ગા અથવા દુર્ગેશ કહી શકાય.

નગરવાસીઓના રક્ષણ માટે નગરની રચના કરવામાં આવે છે, અને નગરની રક્ષા માટે દુર્ગની–કિલ્લાની રચના કરવામાં આવે છે. દુર્ગમાં થોડે થોડે અંતરે એક એક દુર્ગકેન્દ્ર હોય છે. દરેક દુર્ગકેન્દ્ર ઉપર એક એક દુર્ગપાલ હોય છે જે દુર્ગની રક્ષાનાં સાધનોથી સુસજ્જ હોય છે, અને તે પોતાનો હદના દુર્ગનું રક્ષણ કરે છે.

ઉપરોક્ત સ્થૂળ દૃષ્ટાંત શરીરરૂપી દુર્ગને સમજવા માટે આપ્યું. પરમ ગુરુ મહારાજના અર્થાત્ આત્માના નિવાસસ્થાનની ફરતે શરીરદુર્ગ છે અને શરીરદુર્ગની રક્ષા માટે કરોડરજ્જુમાં ચક્રો–કેન્દ્રો છે, અને તેમાં સ્થિત તેની શક્તિ–દેવી–દુર્ગા–દુર્ગેશ તેમનું બરાબર રક્ષણ કરે છે.

નવદુર્ગા અને નવરાત્રીનું આવું ગુહ્ય રહસ્ય છે. આટલી વાત જાણ્યા પછી હવે સાચો ખ્યાલ આવશે કે નવરાત્રી કેવી રીતે ઊજવવી જોઈએ. નવરાત્રી એ તો શક્તિની ઉપાસનાનું, શક્તિને પ્રાપ્ત કરવાનું રાષ્ટ્રવ્યાપી સામૂહિક પર્વ છે. તે નવ દિવસોમાં તો સર્વેએ એકી સાથે જ શક્તિની ઉપાસનામાં બેસવાનું છે, અને પોતાના અનુભવી ગુરુસંતોના માર્ગદર્શનમાં એક એક રાત્રીએ એક એક ચક્રસ્થિત શક્તિકેન્દ્રને પરિમાર્જિત કરવાનું છે. આ પર્વ સામૂહિક હોવાનો ફાયદો એ છે કે તે દિવસોમાં સૌ પોતાની ઉપાસનામાં–ક્રિયામાં લાગેલાં હોવાથી કોઈને કોઈના દ્વારા જાણ્યે–અજાણ્યે પણ વિક્ષેપ થતો નથી. આપણે આપણા ધ્યાનગૃહમાં એકાગ્ર થવાનો પ્રયત્ન કરતા હોઈએ અને આપણો પાડોશી પોતાના ઓરડામાં થાૈ.... થાૈ.... કરતો હોય તો? અને તે ધ્યાનસ્થ થવાનો પ્રયત્ન કરતો હોય ત્યારે આપણે લાઉડસ્પીકર ઉપર "ચુંડ મુંડ ચપટીમાં ચોળિયા, રે આજ દૈત્યોને રણમાં રોળ્યા...." ની ગળાફાડ ગર્જનાઓ કરતા હોઈએ તો? તેનું શું થાય? ચુંડ મુંડને ચપટીમાં કેવી રીતે ચોળવા અને દૈત્યોને રણમાં કેવી રીતે રોળવા તે આપણને કોણ સમજાવશે? ક્યારે સમજાવશે? આપણે તે ક્યારે સમજીશું?

દિવાળી પણ સફાઈનું સામૂહિક પર્વ છે. તે દિવસોમાં સૌ એકી સાથે સફાઈ કરે છે તેથી જ વ્યાપક સફાઈ થઈ શકે છે. તે દિવસોમાં જો હું મારું મકાન સાફ કરતો હોઉં અને મારો પાડોશી પોતાનું મકાન સાફ ન કરતો હોય તો મારા ઘરની બધી ગંદકી, માંકડ, મચ્છર, ઇત્યાદિ તેના ઘરમાં ઘૂસી જાય. પણ જો સૌ એકી સાથે સફાઈ કરતાં હોય તો આખા રાષ્ટ્રનું વાતાવરણ સ્વચ્છ થઈ જાય.

નવરાત્રીમાં પણ જો શાંતિયુક્ત ઉપાસનાના પ્રયત્નમાં જ સૌ હોય તો સૌને પૂરો લાભ મળી શકે. સાચી માહિતીના અભાવે, હાલમાં આપણે નવરાત્રી પર્વ કેવી રીતે ઊજવીએ છીએ? તે પ્રસંગે આપણે કેવા અને કેટલા મોટા લાઉડસ્પીકરો મૂકીએ છીએ? સ્વરયંત્ર ફાટી જાય એટલા જોરથી રાડો પાડી પાડીને ગરબા ગવડાવીએ છીએ અને એકલા ગરબા જ હોય છે તેવું પણ થોડું છે? જે મનમાં આવે તે ગવડાવીએ છીએ અને સવારો સવાર ગવડાવીએ છીએ. ક્યાંક તો

એવી હરીફાઈ પણ ચાલે છે કે કોનું લાઉડસ્પીકર વધુ ઘોંઘાટ કરે છે; "આપણું લાઉડસ્પીકર શરૂ થાય એટલે બીજા કોઈનાં ન સંભળાવાં જોઈએ" એવી મમતે પણ ચડી જઈએ છીએ. આવા વાતાવરણમાં કોઈ જિજ્ઞાસુ પોતાની પૂજારૂમમાં કાંઈક સાચો પ્રયત્ન કરવા મથતો હોય તો તેની શી દશા થાય? હે મા દુર્ગે! તમને પ્રાપ્ત કરવાની નવરાત્રી શું આવી હોય!

અનેક છિદ્રોવાળો માટીનો ગરબો-ઘડો એ પણ શરીરરૂપી પંચ-મહાભૂતના ઘટનો પ્રતીક છે. જેમ ગરબાના ગર્ભમાં રહેલી દીપક-જ્યોતની પ્રકાશ-સેરો, તેનાં અનંત છિદ્રો દ્વારા બહાર નીકળે છે, તેમ શરીર-ઘટમાં રહેલ આત્મ-જ્યોતિની પ્રકાશ-સેરો શરીરનાં ઓતેર કરોડ રોમછિદ્રોમાંથી બહાર પ્રસરીને ઘણા દૂરના વાતાવરણને પ્રભાવિત કરે છે. શરીરરૂપી ગરબાને-ઘટને ચૈતન્ય પ્રકાશથી ઝગમગાવનાર આત્મજ્યોતિનું કેન્દ્રસ્થાન ક્યાં છે? ખરેખર તે શું છે? વગેરે જાણવાનો પૂર્ણ પ્રયત્ન નવરાત્રીમાં કરવાનો હોય છે, અને તેને જ નવરાત્રીની સાચી ઉજવણી કહી શકાય.

નવરાત્રીમાં રાત્રે ગરબા ગાવાનો રિવાજ છે. મર્યાદામાં રહીને પ્રેમવિભોર થઈને પરમ શક્તિનું મહિમાગાન કરવું તે વાચિક જપનો પ્રકાર છે; તેથી કંઠમાં રહેલું વિશુદ્ધ ચક્ર પ્રભાવિત થાય છે, અને તેથી સમજશક્તિ અને ગ્રહણશક્તિ ખીલે છે. આવા લાભો તો જ મળે જો ગરબા મધ્યમ વેગથી ગવરાવાય અને ગવાય. સાચી સમજના અભાવે હાલમાં બધું જ વિપરીત થઈ રહ્યું છે અને તેથી લાભના બદલે નુકસાન જ થાય છે. ગરબા ગાનાર અને ગવડાવનારનો અવાજ બેસી જાય છે તે તેની સાબિતી છે કે વિશુદ્ધ ચક્ર વધુ પડતું ઉત્તેજિત થઈને નિષ્ક્રિય થઈ ગયું. પ્રેમવિભોર થઈને ગવાતા ગરબાઓથી વાતા-વરણમાં સાત્ત્વિકતાની જે લહેરીઓ લહેરાય છે તે લાઉડસ્પીકરના મહાભયંકર ધ્વનિ-વિસ્ફોટથી છિન્નભિન્ન થઈ જાય છે જેથી સમષ્ટિને મળનાર લાભ પણ નષ્ટ થઈ જાય છે.

નવરાત્રી પછી તુરત દશેરા અર્થાત્ દશ-હરા આવે છે. નવરાત્રીના નવ દિવસની સાચી ઉપાસના કરીને, શક્તિશાળી બનીને દશેરાના દિવસે, દસેય ઇન્દ્રિયોથી ઉત્પન્ન થનાર અહમ્‌ને હરવાનો હોય છે. નવરાત્રીમાં ઊર્ધ્વગામી થવામાં જે કાંઈ વિજય પ્રાપ્ત થયો હોય છે તેનો વિજયોત્સવ, વિજયાદશમીના દિવસે મનાવવાનો હોય છે અને તે વિજયોત્સવ દિવાળી સુધી ચાલે છે. દિવાળી પ્રસંગે દેશમાં અને દિલમાં અનંત દીવા પ્રગટાવીને વિજયોત્સવની પૂર્ણાહુતિ થાય છે.

આ રીતે દિ' વાળે તે જ સાચી દિવાળી.